

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત એસ. વી. ઈંગ્લિશ મીડિયમ પ્રી-સ્કૂલમાં 'રેડ ડે'ની ઉજવણી કરવામાં આવી હતી. ઉત્સાહી શિક્ષિકા અમરિન સિદ્દીકીએ બાળકોને રેડ કલર વિષે તથા તેના અલગ અલગ શેડ વિષે માહિતી આપી હતી. બાળકો રેડ કલરનાં વિવિધ પ્રકારના વસ્ત્રો પરિધાન કરી, રેડ કલરની વસ્તુઓ જેવી કે રેડ ટેડી બીયર, રેડ ઢીંગલી, રેડ બટરફ્લાય, રેડ કાર અને બસ જેવા રમકડાં,ચાર્ટ લઈને ઉત્સાહભેર શાળામાં આવ્યાં હતાં. શાળાની શિક્ષિકાઓએ રેડ કલરની સાડી , રેડ દુપટ્ટા , રેડ ફુગ્ગા રેડ ફૂલોથી શાળાને શણગારી હતી, જેને જોઈને બાળકો તથા તેમના વાલીઓ ખુશ થઈ ઉઠ્યા હતા. આ સફળ ઉજવણી બદલ આચાર્ય જિજ્ઞા દર્પણ બુચે વિદ્યાર્થીઓ, શિક્ષકો, વાલીઓને બિરદાવ્યા હતા.

### કડી સર્વ વિશ્વવિદ્યાલય સંલગ્ન

# બીએડ કોલેજોમાં વિદ્યાર્થીઓનો આવકારોત્સવ



ગાંધીનગર, તા. ૩૦

કડી સર્વ વિશ્વવિદ્યાલય સંલગ્ન ફેકલ્ટી ઓફ એજ્યુકેશનની એસ એસ પટેલ કોલેજ ઓફ એજ્યુકેશન અને આર એચ પટેલ ઈંગ્લિશ મીડિયમ બીએડ કોલેજ, સૅક્ટર-૨૩, ગાંધીનગરમાં પ્રવેશ મેળવનાર તાલીમાર્થીઓનું સ્વાગત કરવા માટે આવકારોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું.

કોલેજમાં પ્રવેશ પામેલા તાલીમાર્થીઓને કુમકુમ તિલક કરી ગુલાબનાં પુષ્પ આપી મોં મીઠું કરાવવામાં આવ્યું હતું. કાર્યક્રમના આરંભે ડૉ. જિજ્ઞાસાબેન જોષીએ ઉપસ્થિત રહેલા મહેમાન ડૉ. કનુભાઈ પટેલ અને ફૅકલ્ટી ઓફ એજ્યુકેશનના ડીન પ્રૉ. વીણાબેન પટેલનો શાબ્દિક પરિચય આપ્યો હતો. ત્યારબાદ પ્રૉ. વીણાબેન પટેલે બંને કોલેજોના એચઓડી અને અધ્યાપકોનો ટૂંકમાં પરિચય આપીને તેમને વર્ષ દરમિયાન કરવાની કામગીરીના પોર્ટફોલિયોની માહિતી આપી હતી. અધ્યાપકોએ પોતાના પોર્ટફોલિયોનું પ્રેઝન્ટેશન પણ કર્યું હતું અને સેમ-૩ના તાલીમાર્થીઓએ પોતાના પ્રતિભાવો પ્રસ્તુત કર્યા હતા.

ડૉ. કનુભાઈ પટેલે શિક્ષક પાસે વીજળી, પાણી અને પર્યાવરણ બચાવો જેવાં કાર્યોની અપેક્ષા વ્યક્ત કરી હતી. આ પ્રસંગે સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન પણ કરવામાં આવ્યું હતું. દ્વિતીય વર્ષના તાલીમાર્થીઓએ ગણપતિ વંદના, ગીત, લોકગીત, ગ્રૂપ ડાન્સ, વેલકમ સોન્ગ, નૃત્ય વગેરેની રજૂઆત કરી હતી. સમગ્ર કાર્યક્રમનું આયોજન પ્રા. પ્રતિભાબેન દિક્ષિત અને પ્રા. કાજલબેન ગજજરે કર્યું હતું. કાર્યક્રમનું સંચાલન તાલીમાર્થી જાહ્નવી પંડ્યા અને ફોરમ પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું.

## જન્મદિને વધામણી



ભાનુભાઈ પુરાણી
પ્રમુખ, ત્રિદલ અને ગાંધી મિત્ર વર્તુળ



બાબુલાલ અજમલભાઈ નાયી



નારણભાઈ પ્રજાપતિ
મો. ૯૪૨૭૩ ૦૩૧૪૧



રમીલાબેન કાન્તિલાલ નાયી
મો. ૯૭૨૩૨ ૧૧૮૬૩

# આરાધના વિદ્યાવિહારનાં ભૂલકાઓ પુનિત વનના પ્રવાસે





આરાધના વિદ્યાવિહાર, (અંગ્રેજી માધ્યમ) સૅક્ટર-૨૮ દ્વારા ભૂલકાઓ માટે શૈક્ષણિક પ્રવાસનું આયોજન કરવામાં આવ્યું હતું. ભૂલકાઓને પુનિત વન, સૅક્ટર-૧૯ની મુલાકાતે લઈ જવામાં આવ્યા હતા, જ્યાં તેમને વન અને પર્યાવરણ અંગે વ્યાવહારિક જ્ઞાન આપવામાં આવ્યું હતું. ભૂલકાઓએ કુદરતી સાંનિધ્યને મનભરીને માણ્યું હતું અને સાથે રમતો રમવાનો આનંદ પણ માણ્યો હતો.

# મહેસાણા, કડી, વિજાપુર અને દહેગામ રોટરી ક્લબનો સેવાકીય પ્રવૃત્તિઓમાં ડંકો



રોટરી ડિસ્ટ્રીક્ટ-૩૦૫૪ના ઝોન-૬ના આસીસ્ટન્ટ ગવર્નર જશવંત ગાંધીના માર્ગદર્શન હેઠળ મહેસાણા, કડી, વિજાપુર અને દહેગામ રોટરી ક્લબને વર્ષ ૨૦૧૮-૧૯માં કરેલી વિવિધ સેવાકીય કામગીરી માટે જયપુર ખાતે યોજાયેલા સેમિનારમાં પચીસ ઍવોર્ડ અર્પણ કરવામાં આવ્યા હતા. મહેસાણા અને કડીને બેસ્ટ ક્લબ જાહેર કરવામાં આવી હતી.




પ્રાકૃતિક સંપદાના સંરક્ષણ માટે શ્રી સ્વામિનારાયણ મંદિર, ટોરંટો, કેનેડા ખાતે શ્રી સ્વામિનારાયણ ગાદીના આચાર્ય પુરુષોત્તમપ્રિયદાસજીના સાંનિધ્યમાં ૫૦ હજાર વૃક્ષોનાં આરોપણનું આયોજન કરવામાં આવ્યું છે. પ્રથમ વૃક્ષનું રોપણ આચાર્ય સ્વામીજીએ કર્યું હતું. આ પ્રસંગે ઍમપી ગ્રે આનંદ સંગારી, જ્હોન નિકી, મિટઝી હંટર, સિટી કાઉન્સિલર જેનિફર મેકલવી, પોલ એન સિલે તથા મેયર્સ એક્ઝિક્યુટીવ કમિટી મેમ્બર્સ પણ ઉપસ્થિત રહ્યા હતા.

# ગાંધીજીનો વિનોદ

॥ ૭૧મો મણકો ॥

**મુક્ત હાસ્ય**

હસાવતું કોમળ મુક્તહાસ
આનંદ-વર્ષા-ઝડીઓ ઝરી રહે.
આંખે ભર્યો પ્રેમ તણો પ્રકાશ
ચમકાવતો માનવમેદની વહે.

- ઉમાશંકર જોશી

ગાંધીજીનું હાસ્ય એ માનવહૃદયને તળિયે જવાની તેમની તાલાવેલી હતી. હાસ્ય દ્વારા ગંભીર માણસો અને બીજા અસંખ્ય લોકો વચ્ચે એક સેતુ રચાય છે. ગાંધીજી હસતા ત્યારે આપણને લાગતું કે તેઓ આપણા જેવો જ છે.

- વાડીલાલ ડગલી




તેમની માનવતાથી તેમના વિનોદને જુદો પાડી શકાય નહીં. એક જ વાક્યમાં તેઓ લાગણીનો ધોધ વહાવી શકતા હતા.

હિંદ સ્વતંત્ર થયા પછી દેશના ઉદ્યોગપતિઓ ધંધાની શક્યતા તપાસવા પરદેશ જઈ રહ્યા હતા. પણજતાં પહેલાં તેઓ ગાંધીજીના આશીર્વાદ લેવા આવ્યા.

થોડી આનાકાની પછી તેમણે 'મારા દેશના કંગાળ અને ગરીબ લોકોને નામે' આશીર્વાદ આપ્યા.

- આર કે કરંજિયા

છલોછલ પ્રેમથીત ભરેલા તેમના જીવનમાં વિનોદ નીતર્યા કરે એવા તેઓ સાચે જ મહાત્મા હતા.

- ચમનલાલ

તેમનું વ્યક્તિત્વ વિલક્ષણ શક્તિ ધરાવતું હતું. જે અંગ્રેજ તેમના સંપર્કમાં આવ્યા, તેમાંથી ભાગ્યે જ કોઈ તેમના અવાજના સંગીત-માધુર્યથી, તેમની વિનોદશક્તિથી અને તેથીય વિશેષ તેમની આસપાસ પથરાઈ રહેલી શાંતિ અને સ્વસ્થતાના વાતાવરણથી મુગ્ધ થયા ન હોય.

- એચ વે હોડસન

નહીં જેવા રાચરચીલાવાળા નાના ઓરડામાં ખાદીની ચાદર ઓઢી જમીન પર બેઠેલા મહાત્માને મેં જોયા. સ્મિત સાથે આવકારતાં તેમણે મારા તરફ મોં ફેરવ્યું.

- પરસીવલ લેન્ડોન


ગાંધીજી, ગાંધીજીના ઉદ્‌ઘોષ સાથે વિશાળ આમ સમુદાયનો અનંત પ્રવાહ તેમને વંદન કરતાં વહી રહ્યો હતો. તેઓ પણ બે હાથ ઝોડી વંદન ઝીલતા હતા અને હસી રહ્યા હતા.

- પાબ્લો નેરુદા




'ગાંધીજીનો વિનોદ' પુસ્તકમાંથી સાભાર

# 'ડૉક્ટર્સ ડે' : ડૉક્ટર લાંબું જીવન જીવે તેવી પ્રભુને પ્રાર્થના




પ્રસંગસર
સતીષ શામળદાન ચારણ
sscharan_aaa@yahoo.co.in

સમાજને તંદુરસ્ત રાખવા અને ગમે તે દિવસે અને સમયે પોતાની સેવામાં હાજર એવા ડોકટર એ પૃથ્વી ઉપરનું ઈશ્વરનું 'મા' પછીનું બીજું રૂપ છે. માણસ જ્યારે બીમાર પડે છે ત્યારે સૌથી પહેલા ડોક્ટરને યાદ કરે છે. 'ડૉક્ટર્સ ડે'ની ઉજવણી એ આપણા જીવનમાં ડોકટરોના મૂલ્ય પર ભાર મૂકવાનો અને તેમના શ્રેષ્ઠ પ્રતિનિધિઓમાંના એકને યાદ કરીને તેમને માન આપવાનો એક પ્રયાસ છે.

દુનિયાના અલગ અલગ દેશોમાં ડૉક્ટર્સ ડે અલગ અલગ તારીખે ઉજવવામાં આવે છે. ભારતમાં ૧૯૯૧થી ડૉ. બિધાન ચંદ્ર રૉય કે જેઓ ભારતના સુવિખ્યાત ફિઝીશીયન, કુશળ રાજકર્તા અને આધુનિક પશ્ચિમ બંગાળના નિર્માતા એવા બંગાળના બીજા મુખ્યમંત્રી હતા. તેમને સન્માન અને શ્રદ્ધાંજલિ આપવા માટે તેમના જન્મદિન ૦૧ જુલાઈના રોજ 'ડૉક્ટર્સ ડે' મનાવવામાં આવે છે. ૦૧ જુલાઈ, ૧૮૮૨ના રોજ બિહારના પટના ખાતે જન્મેલા ડૉ.બી.સી.રોય કલકત્તાથી મેડિકલ ગ્રેજ્યુએશન અને લંડન ખાતેથી ઉચ્ચ અભ્યાસ કરી એમ.આર.સી.સી. અને એફ.આર.સી.એસ.ની ડિગ્રી મેળવી હતી.

ગાંધીજી જ્યારે પૂનાની યરવડા જેલમાં હતા ત્યારે તેમણે જેલમાં પણ અસ્પૃશ્યતાને લગતું કાર્ય શરૂ કરેલ તેનો જેલ કર્મીઓએ વિરોધ કરેલ. ત્યારે ગાંધીજીએ જેલમાં જ આમરણ ઉપવાસ શરૂ કરેલા. પણ સરકારને તેમની તબિયતનું જોખમ લાગતાં તેમને જેલમુક્ત કર્યા. પણ તેમણે તો બહાર આવીને પણ ઉપવાસ ચાલુ રાખતાં તબિયત બગડી. ત્યારે યુવાન ડૉક્ટર બી.સી.રોય તેમની સારવાર કરતા હતા. અને ગાંધીજી સારવાર લેવા માટે આનાકાની કરતા હતા. ગાંધીજીએ તેમને પૂછ્યું, 'મારે તમારી સારવાર શા માટે લેવી જોઈએ? શું તમે મારા ચાળીસ કરોડ દેશવાસીઓને નિઃશુલ્ક સારવાર આપશો?' ત્યારે ડૉ.બી.સી.રોયે ખૂબ જ સીધો અને સચોટ જવાબ આપ્યો, 'ના ગાંધીજી, હું તમામ દર્દીઓની મફતમાં સારવાર ન કરી શકું. હા, હું મો.ક. ગાંધીની સારવાર નથી કરતો, પણ હું એ વ્યક્તિની સારવાર કરું છું, જે દેશના ચાળીસ કરોડ દેશબંધુઓનું પ્રતિનિધિત્વ કરે છે.' આવો જવાબ સાંભળીને ગાંધીજી દવા-સારવાર લેવા તૈયાર થઈ ગયેલા.




મહાત્મા ગાંધી સાથે અસહકારના આંદોલનમાં સ્વાતંત્ર્ય સેનાની જોડાયા અને ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસના નેતા બનેલા. ગાંધીજીના આગ્રહને લઈને તેઓએ મુખ્યમંત્રી પદ સંભાળેલું. પણ રોજનો એક કલાક ગરીબ દર્દીઓની સારવાર કરવી તે તેમનો નિત્યક્રમ હતો.

એક ઉત્કૃષ્ટ ડૉક્ટરની સાથોસાથ કાબેલ રાજનેતા એવા ડૉ.રોય અનેક મેડીકલ સંસ્થાઓ સાથે જોડાયેલા હતા. ડૉ. રોયે ૧૯૩૦માં જર્નલ ઓફ ઈન્ડીયન મેડીકલ એસોસીયેશનની શરૂઆત કરેલી જેની આજે ૨૫૦૦૦૦ જેટલી પ્રતો પ્રસિધ્ધ થાય છે. તબીબી વ્યવસાયની સાથોસાથ તેઓનો કલાજગત સાથે પણ નાતો હતો. કળાના તેઓ પારખું હતા. સત્યજીત રેની ફિલ્મ 'પાથેર પાંચાલી' જે સિને જગતનું ઉત્તમ શિખર કહેવાય તે નાણાંના અભાવે અધૂરી પડી હતી. તેમણે આ ફિલ્મ પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી ડૉ.બી.સી.રોયને બતાવતાં કલાની કદર કરનાર તેમણે આ ફિલ્મ રાજ્ય સરકાર દ્વારા પ્રોડ્યુસ કરાવી અને દુનિયાને એક ઉત્તમ સિનેકૃતિ આપી. ડૉ.રોયને ૪થી ફેબ્રુઆરી ૧૯૬૧ના રોજ દેશના સર્વોચ્ચ નાગરિક સન્માન 'ભારત રત્ન' એવોર્ડથી નવાજવામાં આવ્યા હતા. ડૉ. રૉયે ૧લી જુલાઈ, ૧૯૮૨ના કોલકાતા ખાતે અંતિમ શ્વાસ લીધા હતા. નસીબ જોગ તેમની જન્મ અને મૃત્યુની તારીખ ૧લી જુલાઈ છે. અત્યારનો તબીબ માનવ દેહમાં ''જીવ''નું પ્રત્યારોપણ કરવા સિવાય દરેક અંગનું પ્રત્યારોપણ કરવા સક્ષમ છે. તબીબી વિજ્ઞાન જેટલા સંશોધનો થયા છે અને ભવિષ્યમાં થશે તેટલાં માનવજાત માટે વધુ લાભકારક રહેશે.

દરેક ડૉક્ટરની ભાવના અને ભૂમિકા ડૉ.બી.સી.રોય જેવી રહે અને દેશના ડૉક્ટર્સ જો ડૉ. બી.સી. રૉય જેવાને પોતાના રોલમૉડલ ગણે તો ભાગ્યે જ કોઈ દર્દી સારવારથી વંચિત રહે. ડૉક્ટરમાં દર્દીને દેવનાં દર્શન થાય છે. જીવન અને મૃત્યુ તો ઉપરવાળાના હાથમાં છે, પણ દેશના દરેક નાગરિકને સમયસર સારવાર મળી રહે તે પ્રમાણે આજે દેશના ડૉક્ટર તેમની નૈતિક ફરજ બજાવી રહ્યા છે ત્યારે દર્દી અને તેમના સગાઓએ પણ ડૉક્ટરમાં વિશ્વાસ રાખી તેને સહકાર આપવાની જરૂર છે.

દર્દીના દુઃખો દુર કરનારા ડૉક્ટર્સને સલામ સાથે હેપી ડૉક્ટર્સ ડે અને ડૉક્ટર લાંબું જીવન જીવે તેવી પ્રભુને પ્રાર્થના.